ક્રમાંક: પરચ-૧૨૦૫-૪૫૯૯-ચ
પંચાયત, ગ્રામગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:૨૫-૧-૨૦૦૬

**:: યાદી ::**

રાજયમાં સને ૨૦૦1 ની વસ્તી ગણતરી અનુસાર ૧૫ હજાર કરતાં વધુ વસ્તી ધરાવતી ૬૦ ગ્રામ પંચાયતો અંગે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ દ્વારા તા:૧૦-૮-૨૦૦૫ ના જાહેરનામા ક્રમાંક:કેવી-૨૨૩ ઓફ ૨૦૦૫-એનપીએલ-૧૦૦૫-૨૩૦૧-અને ક્રમાંક:કેપી-૨૨૪-ઓફ ૨૦૦૫-એનપીએલ-૧૦૦૫-૨૩૦૧-એમ. થી નગરપાલિકામાં રુપાંતર કરવામાં આવેલ છે. જેથી નવી નગરપાલિકાઓએ અસ્તિત્વમાં આવતા જકાત નાબૂદી અંગે આ વિભાગ દ્વારા ચુકવાતી ગ્રાન્ટ ઓગષ્ટ-૨૦૦૫ થી બંધ કરવામાં આવેલ છે. શહેરી વિકાસ અને શહેરી ગ્રામ ગૃહનિર્માણ વિભાગે ચાલુ નાણાંકીય વર્ષમાં નવી નગરપાલિકાઓ માટે બજેટ જોગવાઇ ન કરેલ હોવાથી આ નવી નગરપાલિકાઓના કર્મચારીઓના પગાર, લાઇટબીલ વિગેરે બાબતે ખર્ચ કરવાના પ્રશ્નો ઉપસ્થિત થતાં શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગે આ વિભાગ દ્વારા વૈકલ્પિક વ્યવસ્થા કરવા વિનંતી કરેલ તે લક્ષમાં લઇ પુખ્ત વિચારણાના અંતે આ ૬૦ ગ્રામ પંચાયતો(હાલ નગરપાલિકાઓમાં રુપાંતરિત થયેલ છે) માટે ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૦૫-૦૬ માટે જકાત વળતર અનુદાનની જોગવાઇ આ વિભાગ દ્વારા કરવામાં આવેલ છે. જેથી વૈકલ્પિક વ્યવસ્થા તરીકે આ જકાત વળતરના અનુદાન અંગે તા:૨-૧૧-૦૪ ના રોજ માન.મંત્રીશ્રી(શ.વિ. અને શ.ગૃ.નિ.વિ.) ના અધ્યક્ષસ્થાને મળેલ બેઠકની કાર્યનોંધ મુજબ આખરી નિર્ણય ન લેવાય ત્યાં સુધી આ શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના ઉપરોકત તા:૧૦-૮-૦૫ ના બન્ને જાહેરનામામાં દર્શાવેલ તમામ ૬૦ નવી નગરપાલિકાઓને આ વિભાગ દ્વારા હાલના દરે(ધોરણે) તા:૩૧-૩-૨૦૦૬ સુધી( ચાલુ નાણાંકીય વર્ષ સુધી) આ ગ્રાન્ટ આ વિભાગ દ્વારા છૂટી કરવાની આથી મંજુરી આપવામાં આવે છે. જયારે આગામી વર્ષ ૨૦૦૬-૦૭ માટે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના અંદાજપત્રમાં જોગવાઇ કરવાની રહેશે.

આ હુકમો નાણાં વિભાગની તા:૨૩-૧-૨૦૦૬ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે. આ આ અંગેના વિગતવાર હુકમો વિકાસ કમિશ્નરશ્રીએ કરવાના રહેશે અને તેની જાણ આ વિભાગ તથા શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગને કરવાની રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(બી.એસ.રાજપુત)
સેકશન અધિકારી,
પંચાયત, ગ્રામગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ.

પ્રતિ,

- અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(પં) નું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- અંગત સચિવશ્રી, માન.રા.ક.મંત્રીશ્રી(પં)નું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- અ.મુ.સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી, પં.ગ્રા.ગૃ.નિ. અને ગ્રા.વિ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી(ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગ્રામગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ, રાજકોટ-અમદાવાદ.
- તમામ જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
- નાણાંકીય સલાહકારશ્રી, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- બજેટ શાખા, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેકટ ફાઇલ.